# અમદાવાદને વૈશ્વિક હેરીટેજ સિટીના દરજ્જાનું સર્ટિ મળ્યું

અમદાવાદ, તા.૧

યુનેસ્કો દ્વારા ગત ૮ જુલાઈના રોજ અમદાવાદ શહેરને વૈશ્વિક હેરીટેજ સિટીનો દરજ્જો આપવાની જાહેરાત કરવામા આવ્યા બાદ આજે અમદાવાદમાં યોજવામા આવેલા એક ખાસ કાર્યક્રમમા યુનેસ્કોના ડીરેકટર દ્વારા રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીને આ અંગેનુ સર્ટીફિકેટ આપવામા આવ્યુ હતુ આ સાથે જ મુખ્યમંત્રી દ્વારા અમદાવાદના હેરીટેજ ઉપર તૈયાર કરવામા આવેલી ખાસ વેબસાઈટનુ લોન્ચિંગ કરવામા આવ્યુ હતુ.

આ અંગે મળતી માહીતી અનુસાર,યુનેસ્કોની પોલેન્ડના કારકો ખાતે ૨ થી ૧૨ જુલાઈ દરમિયાન હેરીટેજ કમિટીની ખાસ બેઠક યોજવામા આવી હતી.આ બેઠકમા ૮ જુલાઈના રોજ અમદાવાદ શહેરને વૈશ્વિક હેરીટેજ શહેરનો દરજ્જો આપવાની જાહેરાત કરવામા આવી હતી.યુનેસ્કો તરફથી કરવામા આવેલી આ જાહેરાત બાદ યુનેસ્કોના ડીરેકટર ઈરીના બોકાવો આજે અમદાવાદની મુલાકાતે આવી પહોંચ્યા હતા જ્યાં તેમણે શહેરના બોડકદેવ વિસ્તારમાં આવેલા પંડિત દિનદયાલ ઓડીટોરીયમમા રાજય સરકાર તરફથી આયોજિત કરવામા આવેલા એક ખાસ કાર્યક્રમમા અમદાવાદ શહેરને યુનેસ્કોની હેરીટેજ કમિટી તરફથી આપવામા આવેલા વૈશ્વિક હેરીટેજ સિટીના દરજ્જા અંગેનુ અધિકૃત સર્ટીફિકેટ આપ્યુ હતુ.

આ પ્રસંગે રાજય મંત્રીમંડળના મંત્રીઓ,ધારાસભ્યો અમદાવાદ શહેરના મેયર ગૌતમ શાહ,ડેપ્યુટી મેયર,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહીત મોટી સંખ્યામા કોર્પોરેટરો,શહેરના બુધ્ધિજીવીઓ અને નાગરીકોએ ખાસ હાજરી આપી હતી.દરમિયાન આ કાર્યક્રમમા રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા અમદાવાદ શહેરના ૬૦૬ વર્ષના ભવ્ય ઐતિહાસિક વારસા ઉપર તૈયાર કરવામા આવેલી વેબસાઈટનુ લોન્ચિંગ કર્યુ હતુ.

આ ઉપરાંત યુનેસ્કોના અમદાવાદ આવેલા ડીરેકટર ઈરીના બોકાવો દ્વારા શહેરના સાબરમતી વિસ્તારમા આવેલા ગાંધી આશ્રમ ઉપરાંત અમદાવાદ શહેરના વિવિધ ઐતિહાસિક સ્થળોની પણ મુલાકાત લીધી હતી.સૂત્રો તરફથી મળતી માહીતી અનુસાર,યુનેસ્કોના ડીરેકટર આવતીકાલે રાજયના પાટણમાં આવેલી રાણકીવાવની પણ મુલાકાત લેશે.અમદાવાદ શહેરને વૈશ્વિક હેરીટેજ સિટીનો દરજ્જો આપવામા આવ્યો એ અગાઉ રાણકીવાવ અને ચાંપાનેરને હેરીટેજ સાઈટનો દરજ્જો મળેલો છે.



**એનઆઈસીએમમાં બ્રાન્ડ મેનેજમેન્ટનું સેશન યોજાયુ**

ગાંધીનગર ઈન્દ્રોડા સર્કલ પાસે આવેલ એનઆઈસીએમ એમબીએ કોલેજમાં બ્રાન્ડ મેનેજમેન્ટ પર સેશન તાજેતરમાં યોજાયું હતું. સુબોધ કુમાર આ કંપની સાથે છેલ્લા ૨૧ વર્ષથી કાર્યરત છે અને તે હાલ ડેપ્યુટી ચીફ મેનેજરના હોદ્દા પર ફરજ બજાવે છે. તેમણે સ્ટુડન્ટને ઘણુ બધુ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. તેમણે હાલમાં ચાલી રહેલા મેનેજમેન્ટ પ્રોબ્લેમ્સ અને પ્રાઈસવોર પર ચર્ચા કરી હતી. એમબીએ સ્ટુડન્ટસે ઘણા બધા પ્રશ્નો પૂછ્યા અને તેમના જવાબ મેળવ્યા હતા. પ્રોફ. યશ ભટ્ટ અને ડાઈરેક્ટર ડૉ. બી.કે. નિર્માલના સહયોગથી આ લેક્ચર સફળ રહ્યું હતું.

# બોલુન્દ્રા ગામે પોસ્ટ માસ્ટરે દલિત વિધવા મહિલાના ૩.૪૦ લાખ ચાઉં કરી જતા પોલીસ ફરિયાદ

અરવલ્લી, તા. ૧

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામની દલિત વિધવા મહિલાએ ૨૦૦૬ માં પોલીસમાં ફરજ બજાવતા પતિનું નિધન થતા મળેલ ૩.૪૦ લાખ રૂપિયા ગામની પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા કર્મચારીને પોસ્ટની બચતમાં ભરવા આપતા કર્મચારીએ બારોબાર ચાઉં કરી જતા વિધવા મહિલાએ રૂપિયાની ઉઘરાણી કરતા કર્મચારી સહીત તેની પત્ની અને પુત્રએ ભેગા મળી જાતિ વિષયક અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા મહિલાએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામની ડાહીબેન ધૂળાભાઈ વણકરના પોલીસમાં ફરજ બજાવતા પતિનુ ૨૦૦૬માં આકસ્મિક મોત નિપજતા મળેલ રૂપિયા ૩.૪૦ લાખ રૂપિયા ગામમાં આવેલી પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા નરસિંહભાઈ કહનાભાઈ પટેલને પોસ્ટમાં મુકવા આપેલ રૂપિયા બારોબાર ચાઉં કરી જતા વિધવા મહિલાએ પોસ્ટમાં મુકવા આપેલ નાણાંની માંગણી કરવા ઘરે જતા એકાએક ઉશ્કેરાઈ જઈ નરસિંહભાઈએ તમે મારી પાસે શાના પૈસા માંગો છો તેમ કહી બિભસ્ત ગાળો બોલી ધક્કા-મુક્કી કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી તેની પત્ની હીરાબેન નરસિંહભાઈ પટેલ અને તેના પુત્ર રવિ નરસિંહભાઈ પટેલે પણ વિધવા મહિલા અને તેની પુત્રીને જાતિવિષયક અપશબ્દો બોલતા વિધવા મહિલાએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસે નરસિંહ કહના પટેલ, હીરાબેન નરસિંહ પટેલ, રવિ વિરુદ્ધ ઈ.પી.કો કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬, ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટ કલમ ૩ (૧)(આર)(એસ), ૩(૨) (૫) મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



**સ્વામિનારાયણ હાઈસ્કૂલ મણીનગર ખાતે શહેર શાળા વિકાસ સંકુલ-૪નો વિજ્ઞાન મેળો યોજાયો**

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ, મણિનગર ખાતે અમદાવાદ શહેર શાળા વિકાસ કંલુ-૪નો વિજ્ઞાન મેળો યોજાયો. જેમાં સ્વાસ્થ્ય અને સુખાકારી, કચરાનું વ્યવસ્થાપન, અન્ન સુરક્ષા, પરિવહન અને પ્રત્યાપન, ગણિતીક નમુનાઓ જેવા કુલ પાંચ વિભાગો હતા. આ વિજ્ઞાન મેળાનું ઉદ્ઘાટન મહંત સદગુરશ્રી ભગવતિપ્રિયદાસજી સ્વામી તથા સદ્ગુરુ શ્રી સર્વેશ્વરદાસજી સ્વામીએ કરી આશિર્વચન પાઠવ્યા હતા અને કૃતિઓ નિહાળી હતી. વિજ્ઞાનમેળામાં કુલ ૭૪ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. જેમાં ૭૪ શિક્ષકો અને ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# ભિલોડા એસ.ટી. બસ સ્ટેન્ડ સામે કારમાંથી પર્સની ચોરી

ભિલોડા,તા.૧

ભિલોડામાં હાર્દસમા બજાર વિસ્તારમાં આવેલ એસ.ટી.બસ સ્ટેન્ડ સામે પાર્ક કરેલ કારમાંથી રૂા.૭૦ હજાર ભરેલા પર્સની ચોરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ ગયા હતા.

બુઢેલી ગામના સુરેશભાઈ ગોવિંદભાઈ પરમારએ સમી સાંજે એસ.ટી.બસ સ્ટેન્ડ આગળ પાર્ક કરેલી મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર નંબર.જી.જે.૯. બી. સી. ૯૧૧૮ ના ડ્રાઈવર સાઈડનો કાચ તોડી કારની સીટમાં મુકેલ પર્સ, રૂા.૭૦,૦૦૦/- રોકડા, બી.ઓ.બી. એસ. બી. આઈ. સાબરકાંઠા બેંકની કોરી ચેકબુકોની ઉઠાંતરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં બુઢેલી ગામના સુરેશભાઈ પરમારે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી ધરી છે.

# કાનડા ગામે કરંટ લાગતા સાસુ-વહુનું મોત : ત્રણ દાઝયા

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના કાનડા ગામે શુક્રવારે બપોરના સમયે ઘર આગળ તાર પર કપડા સુકવતા સાસુ-વહુનું કરંટ લાગતા સ્થળ પર મોત નીપજ્યા હતા જયારે બે પુરુષ સહીત ત્રણ જણા દાઝયા હતા.આ અંગે હિમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશને જાણ થતા પીએસઆઈ સ્ટાફ સહીત ઘટના સ્થળે અને ત્યાર બાદ સિવિલમાં પહોચી કાર્યવાહી હાથ ધરી હતી.



આ અંગેની વિગત એવી છે કે કાનડા ગામે શુક્રવારે બપોરે આરતીબા વિનોદસિંહ રાઠોડ ઘર આગળ લગાવેલ તાર પર કપડા સુકવતા કરંટ લાગ્યો હતો જેથી તેમના સાસુ લક્ષ્મીબા દોલતસિંહ રાઠોડ બચાવવા દોડી ગયા હતા જેથી તેમને પણ કરંટ લાગ્યો હતો આ બંનેને બચાવવા જતા કુટુંબી લક્ષ્મણસિંહ દીપસિંહ રાઠોડને કરંટ લાગ્યો હતો.બીજી તરફ તાર તૂટતા બચવવા આવતા અન્ય કુટુંબી ધૂળસિંહ જાલમસિંહ રાઠોડ સાથે ૯ વર્ષીય કિશોરી સરસ્વતીબા અરવિંદસિંહ રાઠોડને કરંટ લાગ્યો હતો.આમ સાસુ-વહુને બચાવવા જતા બે પુરુષ અને એક કિશોરીને કરંટ લાગતા દાજી ગયા હતા જે તમામને સારવાર અર્થે હિમતનગર સિવિલમાં ખસેડાયા હતા.તો સાસુ-વહુ બંનેના મૃતદેહોને પોસ્ટમોર્ટમ રૂમમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યાં ઘટનાની જાણ થતા તુરંત હિમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પીએસઆઈ -કોમલ રાઠોડે જણાવેલ કે ઘર આગળ કપડા



પોલીસ સ્ટાફ સાથે સિવિલ પહોચી પોસ્ટ મોર્ટમની કાર્યવાહી હાથ ધરી ઘટના સ્થળે પહોચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.આ અંગે સુકવતા સાસુ અને વહુને કરંટ લાગતા મોત નીપજ્યા હતા તો તેમને બચાવવા જતા ત્રણ જણા દાજી ગયા હતા.જે અંગે કાર્યવાહી હાથ ધરી છે.

**મૃતકના નામ**

૧-આરતીબા વિનોદસિંહ રાઠોડ (ઉવ-૩૫-વહુ)
૨-લક્ષ્મીબા દોલતસિંહ રાઠોડ (ઉવ-૫૦-સાસુ)

**દાઝી ગયેલના નામ**

૧-લક્ષ્મણસિંહ દીપસિંહ રાઠોડ-(ઉવ.૪૦)
૨-સરસ્વતીબા અરવિંદસિંહ રાઠોડ-(ઉવ.૯)
૩-ધૂળસિંહ જાલમસિંહ રાઠોડ-(ઉવ.૪૦)

# પાલનપુર-દાંતા, અંબાજી રોડ પર બિનજરૂરી અવર-જવર નહીં કરવા તંત્રની લોકોને અપીલ

અંબાજી, તા. ૧

અંબાજી મુકામે ૩૧-૮-૨૦૧૭થી તા. ૬-૯-૨૦૧૭ સુધી ભાદરવી પૂનમનો મેળો ભરાનાર છે. આ મેળા દરમ્યાન મોટા પ્રમાણમાં યાત્રાળુઓ પગપાળા, સંઘ ધ્વારા તથા વાહનોમાં આવે છે. પાલનપુરથી દાંતા અને આંબાઘાટાથી દાંતા તથા દાંતાથી અંબાજી રોડ ઉપર યાત્રાળુઓના વિશાળ સમુદાયને જોવા માટે પાલનપુર શહેર તથા આજુબાજુના વિસ્તારના લોકો મોટર સાયકલ, સ્કૂટર, સાયકલ, જીપ તથા ટ્રેક્ટરોમાં ઉમટી પડે છે. ખાસ કરીને રાત્રે આ ધસારો વધુ જોવા મળે છે. જેના લીધે રસ્તાઓ ઉપર તથા કેમ્પસના સ્થળો પર ભીડ થાય છે. વાહનો પણ ગમે તેમ પાર્ક કરવામાં આવે છે. ચાલતા જતા યાત્રાળુઓને અકસ્માતનું જોખમ રહે છે. તેથી તા. ૩૧-૮-૨૦૧૭ થી તા. ૬-૯-૨૦૧૭ દરમ્યાન પાલનપુર, દાંતા, આંબા ઘાટાથી દાંતા અને અંબાજી સુધીના રસ્તા ઉપર બિનજરૂરી અવર-જવર ન કરે તે માટે વહીવટીતંત્રને જરૂરી સહકાર આપે તેવી જિલ્લા મેજીસ્ટ્રેટ ધ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે.



હુંજ ગામે યુવા મંડળ દ્વારા ગણેશોત્સવ પ્રસંગે ગણપતિ વિસર્જન કરવા માટે ગામના યુવાનો મહિલાઓએ પાંચ દિવસ સુધી ભજન-કિર્તન સાથે ધામધૂમથી ગણપતિબાપાની સેવા પૂજા કરી. આજે સાંજે પાંચ વાગે વાજતે ગાજતે ગામના ચોકમાં ખોડીયાર માતાજીના મંદિરે રાસ-ગરબાની રમઝટ બોલાવી ભારે ધામધૂમથી વિદાય આપી હતી. સમગ્ર ગામમાં વરઘોડો કાઢી ગામના તળાવમાં વિસર્જન કરવામાં આવ્યું હતું.

# સાબરકાંઠા-અરવલ્લી રોહિત સમાજ વિકાસ મંડળની કારોબારી સભ્યોની વરણી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર ખાતેના સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા રોહીત સમાજ વિકાસ મંડળની





સાધારણ સભાની બેઠક તા. ૨૫મી ઓગષ્ટના રોજ સે. ૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજાઈ હતી. આ સભામાં સંસ્થાના વર્ષ૨૦૧૭-૧૮માંથી કારોબારી સમિતિની વરણી કરવામાં આવી હતી.

નવ નિયુક્ત કારોબારી સમિતિમાં પ્રમુખપદે દિનેશભાઈ રાઠોડ, ઉપપ્રમુખ પદે વિષ્ણુભાઈ રાઠોડ અને પરેશભાઈ પરમાર, મંત્રીપદે વસંતકુમાર પરમાર, ખજાનચી પદે રેવાભાઈ ભાંભી, આંતરિક ઓડિટર પદે અરૂણકુમાર પરીખ તથા સહમંત્રી પદે કલ્પેશભાઈ પરમાર અને રામભાઈ પરમારની વરણી કરાઈ છે. આ ઉપરાંત કારોબારી સભ્યોમાં મનુભાઈ રાઠોડ, શંકરભાઈ સોલંકી, પ્રવિણભાઈ રાઠોડ અને રાજીવ ચાવડાની વરણી કરાઈ છે. આ સાથે નરેન્દ્રભાઈ સોલંકી, અમૃતભાઈ પરમાર, પ્રભાકર કાનડીયા અને કૌશિકભાઈ પરમારની સલાહકાર પદે નિમણુંક કરવામાં આવી છે.

**ગાંધી ૧૦૦** ● ૪ પાનાનું ચાલુ...

'પુસ્તકિયા અભ્યાસ' ને કેળવણી કહેવાય ખરી? એવો સવાલ તેઓ છોડે છે.

રાષ્ટ્રીય કેળવણી સંદર્ભે ગાંધીજીએ કરેલી વાતને આજે ૯૬ વર્ષ થયા છે પણ જયારે શિક્ષણ અને સમાજ વિકાસ - સમાજ પરિવર્તનનો વિચાર કરીએ તો 'છેવટમાં શૂન્ય તણો સરવાળો' જ ભાસે છે.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)



**પ્રાંતિજ ત્રણ રસ્તા ખાતે પદયાત્રીઓ માટે મેડીકલ કેમ્પ**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા ઉપર પદયાત્રીઓ માટે પ્રાથમિક સારવાર મળી રહે તે માટે સારવાર કેન્દ્ર તથા મેડીકલ કેમ્પનુ સાંસદ દ્વારા મા જગદંબાની આરતી ઉતારી કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પ્રાંતિજ ખાતે સાબરકાંઠા જિલ્લા ભાજપ સંગઠન તથા આરોગ્ય શાળા, સાબરકાંઠા જિલ્લા પંચાયત તથા અર્બન હેલ્થ સેન્ટર પ્રાંતિજ અને નૃપાંશ એ. પટેલ ચિત્રીણીનર્સિંગ કોલેજ એન્ડ સ્કૂલના સૌજન્યથી મેડીકલ કેમ્પનું સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

## હા, સાહેબ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"સાહેબ... હું તો તમને ગાંધીનગર - અમદાવાદની વાત કરૂ છું... બાકી વાપી-વાગડમાં શું થતું હશે એ તો ભગવાન જાણે બાપા..!!"

"સાચી વાત છે તમારી હોં... હજી તો વાંચે ગુજરાત... ગાશે ગુજરાત... રમશે ગુજરાતના ગાણા પુરા નથી થયાં ત્યાં 'ગરજે ગુજરાત' નવું ગાણું ગાવું પડશે..!!"

"સાહેબ... શબ્દો અને સુત્રો બદલવાથી સ્થિતિ નથી બદલાતી..!! ચહેરા બદલવાથી નીતિ નથી બદલાતી... અને વાતો કરવાથી પેટ નથી ભરાતું..! ડંફાશો મારવાથી વિકાસ નથી થતો..!! કામ કરવું પડશે કામ... સાચી દિશામાં સાચુ કામ... કલ્યાણનું કામ... વિકાસનું કામ..!!"

"વંદે માતરમ્... ભારત માતા કી જય..."

- નિમિત્ત માત્ર

## રૂકાવટ ઉભી કરાય છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિકારીઓ દાખવી રહ્યા છે તે જાણવા માગ્યુ હતુ.

આ મુદ્દે તેમણે એક કામને વહીવટીય મંજૂરી જે અપાઈ તેની સામે બે મહિના પછી અડધા ખર્ચની તાંત્રિક મંજૂરી આપવામાં આવી વિકાસ કામો ખોરવવામાં આવી રહ્યાનું જણાવ્યું હતુ.

ખાનગી સામાન્ય સભાએ રેતી-કાંકરીની ગ્રાન્ટના વિવાદને થાળે પાડવા માટે દરેક તાલુકાને રૂ. બે-બે કરોડની રકમ ફાળવવી તેમજ જરૂર પડ્યે સભ્યોને રૂ. ૧૫ લાખની મર્યાદામાં આ કામ વિસ્તાર વિકાસ માટે સ્વભંડોળમાંથી ફાળવી કામગીરી આગળ ધપાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સામાન્ય સભામાં એક તબક્કે વિકાસની ગ્રાન્ટની રકમ તાલુકા વિકાસ અધિકારીઓ હસ્તક કેમ નથી ચુકવવામાં આવી ? તેવો અણિયાળો સવાલ કરી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જિલ્લા પંચાયતની અંદર ભ્રષ્ટાચારને છુટો દોર મળ્યો હોવાની વાત કરી હતી. સામાન્યસભામાં સરઢવ ગામના તલાટીનો મુદ્દો પણ ચમક્યો હતો. સરઢવના તલાટીની ટુંકાગાળામાં બદલીના મુદ્દે એક તબક્કે ખુદ પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર પણ ગુસ્સે થઈ ગયા હતા.

ધારાસભ્ય બળદેવજી ઠાકોર બદલીકાંડમાં જ્ઞાતિવાદ ચલાવવામાં આવતો હોવાનો આક્ષેપ કરી જણાવ્યુ હતુ કે સંબંધિત તલાટી જમીનની દલાલી સાથે સંકળાયેલા હોવાની વાતો જોરશોરથી બજારમાં ચાલે છે આ બરાબર નથી. ક્રીમ પોસ્ટીંગ જ પસંદગીના તલાટીઓને આપવામાં તંત્ર સામેલ હોવાનું તેમણે જણાવ્યુ હતુ.

આ પછી સામાન્ય સભાએ સરઢવથી બદલાયેલ તલાટીને કોબાને બદલે દહેગામ તાલુકામાં ફરજ બજાવવા મુકવા તેવો પ્રસ્તાવ પણ પસાર કર્યો હતો. જિલ્લા વિકાસ અધિકારીએ વહીવટીય બાબતોની ચર્ચા ન થવી જોઈએ તેવો આગ્રહ રાખ્યો હતો. પરંતુ સભ્યોએ જિલ્લા વિકાસ અધિકારીની વાતને કાને ન ધરી અને પ્રસ્તાવ પસાર કરવાનો જ આગ્રહ રાખ્યો હતો.

આ બેઠકમાં બાંધકામ શાખાના નાયબ હિસાબનીશની ગેરવર્તણુંક અંગે ૧ રૂ.નો ટોકન દંડ કરી તેની સેવાપોથીમાં નોંધ કરવા બાબતે પણ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

## શરતી મંજુરી..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થાયી સમિતિએ આ પ્રસ્તાવ મંજુર કર્યો હોવાનું જાણવા મળેલ છે.

સ્થાયી સમિતિએ ૨૦૧૦-૧૧ થી ૧૬-૧૭ સુધીના હિસાબો ચકાસી બહાલી આપવાની બાબત આજે પણ મુલત્વી રાખી છે. ખુરશીઓ ખરીદવા અંગેના કામને બહાલી આપવામાં આવી છે. આજની આ બેઠક માટે પૂરવણી સુચિપત્રમાં દર્શાવેલ ફાયર બ્રિગેડ માટે વાહન ખરીદ કરવા બાબતે સ્થાયી સમિતિના ચેરમેને માંગેલ વિગતો ઉપલબ્ધ કરાવાઈ ન હોવાથી આ બાબત મુલત્વી રાખવાનો પણ નિર્ણય કરેલ છે. કોમ્પેકટ મશીન મુકવા માટે રિટેન્ડરીંગ કરવાનો નિર્ણય પણ લેવામાં આવેલ છે. આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં શહેરની સ્વચ્છતાને લઈ પણ વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

## ધરખમ ફેરફારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમિત શાહ સાથે વાતચીત કરી હતી. આ વાતચીત મે ૨૦૧૪માં સરકારની રચના બાદ પ્રધાનમંડળમાં ત્રીજા સૌથી મોટા ફેરફારના ઉદેશ્યથી યોજાઈ હતી. જોકે, ફેરફારના સમયને લઈને અનિશ્ચિતતા છે પરંતુ સવારે ૧૦ વાગે શપથવિધિ કાર્યક્રમ યોજાય તેવી શક્યતા છે. કારણ કે મોદી વિદેશ યાત્રા પર રવાના થનાર છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના પાટનગરની બહાર કાર્યક્રમો છે. મોટા પાયે કેબિનેટમાં ફેરફાર માટેનો માર્ગ મોકળો કરવા માટે પાંચ પ્રધાનો રાજીનામાં આપી ચુક્યા છે. કેટલાક પ્રધાનોના ખાતામાં ફેરફાર કરવામાં આવનાર છે. આવી જ રીતે કેટલાક જુના પ્રધાનોને બહાર કરવામાં આવનાર છે.

## સિલિન્ડરમાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમલી બનાવવા આવ્યા બાદથી સબસિડીવાળા એલપીજીના રેટમાં પ્રતિ સિલિન્ડર ૬૮ રૂપિયા સુધીનો વધારો થઇ ચુક્યો છે. જૂન ૨૦૧૬માં ૧૪.૨ કિલોગ્રામ વાળા એલપીજી સિલિન્ડરની કિંમત ૪૧૯.૧૮ રૂપિયા હતી. અગાઉ સરકારે આઈઓસી, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશનને દર મહિને વેટ સિવાય ૧૪.૨ કિલોગ્રામના એલપીજી સિલિન્ડર પર બે રૂપિયાનો વધારો કરવા માટે આદેશ કર્યો હતો. આ પ્રમાણ હવે બે ગણું કરી દેવામાં આવ્યું છે. સબસિડીને શૂન્ય કરવાના હેતુસર આ રકમ બે ગણી કરવામાં આવી છે. દરેક પરિવારને એલપીજી સબસિડીવાળા ગેસ સિલિન્ડર ૧૨ એક વર્ષમાં આપવામાં આવે છે. ત્યારબાદથી જો કોઇ પરિવારને જરૂર પડે તો ગેસ સિલિન્ડરને માર્કેટ કિંમતે ખરીદવાની ફરજ પડે છે. બિન સબિસીડીવાળા એલપીજી ગેસ સિલિન્ડર અથવા તો માર્કેટ કિંમતે ઉપલબ્ધ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૭૩.૫ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આની સાથે તેની કિંમત સિલિન્ડરદીઠ ૫૯૭.૫૦ રૂપિયા થઈ છે. આ રેટ છેલ્લે સુધારો કરીને ૪૦ રૂપિયાનો કાપ મુકવામાં આવ્યો હતો.